**ફોજદારી અપીલ નંબર : ૩/૨૦૨૩.**

## –:: એપેલન્ટની આંક : ૪ ની અરજી હેઠળ હુકમ ::–

(૧) હાલના એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામના ખાનગી ફોજદારી કેસ નંબર : ૧૨૫૯/૨૦૧૯ ના કામના કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલી જતાં પલસાણાના વિ. જ્યુ.મેજિ.ફ.ક.શ્રીએ તારીખ : ૦૨/૦૧/૨૦૨૩ ના રોજ વિગતવારનો હુકમ ફરમાવી એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના સંબંધે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે દોષિત ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવા સંબંધેનો હુકમ ફરમાવેલ છે.

(૨) આ કામના એપેલન્ટને છ માસની સાદી કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવા સંબંધેનો હુકમ કરવામાં આવેલ છે. એપેલન્ટે અપીલ સમય સુધી જામીન ઉપર મુકત કરવા તથા સજા અંગેનો હુકમ સ્ટે કરવા માટેની અરજી કરતાં વિ. મેજિસ્ટ્રેટશ્રી ધ્વારા તે અરજી મંજૂર કરવામાં આવેલ છે. હાલના એપેલન્ટ સુરત શહેરના કાયમી રહેવાસી છે, જે હકીકત ધ્યાને લેતાં તેઓની હાજરી સરળતાથી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે અને એપેલન્ટની અપીલને ચાલતાં સમય જાય તેમ છે. વળી, એપેલન્ટ ટ્રાયલ દરમ્યાન જામીન મુકત હતાં તેમજ જજમેન્ટ બાદ અપીલ સમય માટે પણ તેઓને જામીન આપવામાં આવેલા છે, તેવા સંજોગોમાં અપીલ ચાલતાં સુધીના સમય દરમ્યાન જો આરોપીને ચોકકસ શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે. આમ, ક્રિમિ. પ્રોસી. કોડની જોગવાઈ મુજબ દોષિત ઠરેલ એપેલન્ટને અપીલનો નિર્ણય થતાં સુધી નીચેની અદાલતે ફરમાવેલ સજા સંબંધેનો આદેશ મોકૂફ રાખવા અને અપીલના આખરી નિર્ણય સુધી એપેલન્ટને જામીન મુકત કરવા યોગ્ય જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

પલસાણાના વિ. જ્યુ. મેજિ.ફ.ક.શ્રીએ ખાનગી ફોજદારી કેસ નંબર : ૧૨૫૯/૨૦૧૯ ના કામે તારીખ : ૦૨/૦૧/૨૦૨૩ ના રોજ એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના અંગે દોષિત

ઠરાવી કેદની સજા ફરમાવતો તથા વળતર ચૂકવવા અંગેનો જે હુકમ કરેલ છે તે હુકમ આ અપીલનો આખરી નિકાલ થતાં સુધી સ્થગિત કરવામાં આવે છે અને આરોપી/એપેલન્ટ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કર્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે

**–:: શ ર તો ::–**

(૧) એપેલન્ટે સદર કાયદામાં સુધારેલ કલમ–૧૪૮ મુજબ વળતરની રકમની ૨૦% રકમ નાઝરશ્રી, સિવિલ કોર્ટ, પલસાણાનાઓ સમક્ષ આ હુકમની તારીખથી દિન–૩૦ માં ડિપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે.

(૨) એપેલન્ટ/આરોપીએ પોતાનું રહેઠાણનું સરનામું પુરાવા સાથે અત્રેની અદાલતમાં રજૂ કરવાનું રહેશે અને જો તે સરનામામાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ અત્રેની અદાલતને કરવાની રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે ગુજરાત રાજયની હદ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વિના છોડવી નહીં.

(૪) આરોપી/એપેલન્ટે અપીલની કાર્યવાહીની દરેક ઠરાવ તારીખે નિયમિત સમયસર હાજર રહેવું.

(૫) જો આરોપી/એપેલન્ટ પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત નીચેની અદાલત સમક્ષ જમા કરાવવો, અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેની એફીડેવીટ રજૂ કરવી.

આ હુકમની યાદી સંબંધિત નીચેની અદાલતમાં કરવી.

હુકમ આજ **તારીખ :** ૧ લી, **માહે :** ફેબ્રુઆરી, **સને :** ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૧/૦૨/૨૦૨૩.
**બારડોલી.**

**( બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણી)**
સાતમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01509